જીવન વીમા નિગમ તરફથી પ્રજાકીય કામો

ખેડબ્રહ્મામાં ઍમ્બ્યુલન્સ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૫

ભારતીય જીવન વીમા નિગમના ગાંધીનગર વિભાગીય મથક ખાતે નિગમના વીમેદારોને વધુ સારી સેવા પુરી પાડવાના હેતુથી 'કસ્ટમર ઝોન' પશ્ચિમ ક્ષેત્રના ઝોનલ મેનેજર આર.આર. દાશના હસ્તે હોટલ હવેલી કોમ્પલેક્ષમાં ખુલ્લુ મુકાયું છે. આ પ્રસંગે પશ્ચિમક્ષેત્રના રીજીયોનલ મેનેજર કે. રાજીવન નાયર વિભાગના વડા એસ.જે. બારૈયા તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

કસ્ટમર ઝોનની સ્થાપના થવાની વિમેદારો તેમની પોલીસીને લગતા સેવાઓ ત્વરિત મેળવી શકશે અને ખાસ કરીને ઓન- લાઈન સેવા મેળવવા માગતા વિમેદારોને આ સેન્ટર તરફથી પૂરતું માર્ગદર્શન મળી શકશે. નિગમના ગોલ્ડન ઝુબલી ફાઉન્ડેશન હેઠળ- ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ખાતે આવેલ કે. એલ. હોસ્પિટલ સંચાલિત હોસ્પિટલને એમ્બ્યુલન્સવાન પશ્ચિમક્ષેત્રના ઝોનલ મેનેજર આર.આર. દાશના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. વિભાગના વડા બારૈયા, પદાધિકારીઓ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. આ એમ્બુલન્સવાન અંતરિયાળ વિસ્તારમાં આશિર્વાદરૂપ સાબિત થશે.

તલોદના શાહ પરિવારનું ગૌરવ

તલોદ, તા.૫

તલોદ કેમિસ્ટ પરિવારના પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ રમણલાલ શાહના પુત્ર ઋત્વિક શાહે ચાલુ વર્ષે લેવાયેલી

ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૯.૯૯ પર્સન્ટાઈલ અને ૯૬.૨ ટકા સાથે ઉત્તીર્ણ થઈ તલોદ કેન્દ્રમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તલોદની ટ્રિનિટી સ્કૂલના તેજસ્વી તારલા સમા વિદ્યાર્થી ઋત્વિક શાહે ગણિતમાં ૧૦૦ ગુણ, વિજ્ઞાનમાં ૯૯ ગુણ, અંગ્રેજીમાં ૯૭ ગુણ, ગુજરાતીમાં ૯૦ ગુણ અને સમાજવિદ્યામાં ૯૫ ગુણ સાથે જવલંત સિધ્ધિ હાંસલ કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે જે બદલ શાળા પરીવાર અને પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

તલોદની સરકારી હૉસ્પિટલમાં સર્જન ડૉક્ટરની નિમણૂંક થતા દર્દીઓને રાહત

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર સરકારી હોસ્પિટલ ખાતે કેટલાક સમયથી સર્જન ડૉક્ટરની સેવાઓ ઠપ્પ થઈ જતા સંખ્યાબંધ દર્દીઓ હાલાકીનો ભોગ બન્યા હોવા સંદર્ભના અહેવાલ આ અખબારે પ્રસિદ્ધ કરતાં રાજય સરકારે તાકીદના અમલથી આ હોસ્પિટલમાં સર્જન ડૉક્ટરની નિમણૂંક કરી દેતા પંથકની છિવાઈ ગયેલા સર્જન ડૉક્ટરની સેવા પુનઃ શરૂ થવા પામી છે. તા. ૧લી જૂન-૨૦૧૨ થી જ સર્જન ડૉક્ટરની અહિં નિમણૂંક કરવામાં આવેલ છે. જે અનુસાર ડૉ. રાકેશ આર. પટેલ (એમ.એસ.) એ હોસ્પિટલમાં સર્જન ડૉક્ટર તરીકેનો ચાર્જ સંભાળી લઈને દરદીઓની સારવાર આપવાનો આરંભ કરી દીધેલ છે. આમ થતાં હવે તલોદની સિવિલ હોસ્પિટલ તરીકે જાણીતી આ સરકારી હોસ્પિટલમાં અનેક રોગોના ઓપરેશન સહિતની સારવાર ઉપલબ્ધ થશે. જે ઘણા સમયથી ઠપ્પ થઈ જવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે, આ હોસ્પિટલમાં ડૉ. ઘનશ્યામ પરમાર (એમ.એસ.)એ પ્રશંસનીય સેવા-સારવાર કરીને સંખ્યાબંધ સફળ ઓપરેશનો પણ કર્યા હતા. પરંતુ કેટલાક ધારાધોરણ અનુસાર તેઓની રાજય સરકારે ફરજ મુક્તિ કરી હતી. ત્યારથી જ સર્જન ડૉક્ટરની સેવાઓ અહિં પડી ભાગી હતી. પરિણામે ખાનગી હોસ્પિટલોમાં જતા દર્દીઓ અને તેમના સગા ખર્ચાળ સારવાર માટે મજબૂર બન્યા હતા. દરદીઓની આ આપદોને આ અખબારે વાચા આપતાં સર્જનની નિમણુંક થવા પામી છે. જે આવકારદાયક લેખાઈ રહી છે. અંતરિયાળ વિસ્તારોના દરદીઓને યોગ્ય સેવા કાયમ મળી રહેતે જરૂરી છે.

તલોદ અને પ્રજાપતિ સમાજનું ગૌરવ

તલોદ, તા. ૫

તલોદ તાલુકાના ગોરા આંજણા ગામના વતની અને હાલ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાની સરસીડા નવીન વસાહત પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે બજાવતા પંકજકુમાર અમૃતલાલ પ્રજાપતિએ ચાલુ વર્ષે ધોરણઃ૬-૭ અને ૮ ના સામાજીક વિજ્ઞાન વિષયના લેખન સંપાદનની ટીમમાં સ્થાન મેળવીને નોંધપાત્ર યોગદાન પ્રદાન કર્યું છે.

ચાલુ વર્ષે ધોરણ-૬-૭ અને ૮નો અભ્યાસક્રમ બદલાતા તેના તમામ પુસ્તકોની નવી આવૃત્તિઓ બહાર પડેલ છે. આ નવા પુસ્તકો પૈકીના 'સામાજીક વિજ્ઞાન' સહિતના પુસ્તક માટે પણ ધારા-ધોરણ મુજબ લેખન સંપાદકની એક ટીમ કાર્યભાર સંભાળતી હોય છે. આ ટીમમાં ચાલુ વર્ષેઆ શિક્ષક પંકજકુમાર પ્રજાપતિને પણ ગૌરવશાળી કામ કરવાની તક મળતા તેઓએ લેખન સંપાદનમાં મહત્વનું યોગદાન આપીને સાબરકાંઠા જિલ્લા, તલોદ તાલુકા અને પ્રજાપતિ સમાજને પણ ગૌરવ પ્રદાન કર્યું છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩ ૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧ ૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

સાયન્સ કૉલેજ મોડાસામાં શુક્ર સંક્રમણ ૨૦૧૨ કાર્યશાળા નિર્દેશન

હિંમતનગર, તા.૫

શુક્રનો ગ્રહ સૂર્ય અને પૃથ્વીની વચ્ચે સીધી લીટીમાં પસાર થવાની દુર્લભ ખગોળીય ઘટના વિશે માહિતી આપવા અને તેની કીટના નિર્દેશન માટે ગુજકોસ્ટ ગાંધીનગર તથા વિજ્ઞાન પ્રસાર, નવી દિલ્હી દ્વારા આજે સવારે સૂર્યોદયથી ૧૦ કલાક સુધી સર પી.ટી. સાયન્સ કોલેજ મોડાસા ખાતે કાર્યશાળા નિર્દેશનનું આયોજન કરવામાં આવ્યું છે. અંધશ્રધ્ધાના અંધારાને ઉલેચવા અને સમાજમાં ખગોળીય ઘટનાઓ વિશે અને શુક્ર સંક્રમણ વિશે પો.જી.એલ. વેકરિયા અને ડૉ. કિશોર પંડયા માહિતી અને માર્ગદર્શન આપશે તો સાબરકાંઠા વિસ્તારના રસ ધરાવતા નાગરિક, શિક્ષકો અને વિદ્યાર્થીઓને પધારવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

છરીની અણીએ લૂંટ ચલાવતી ટોળકીમાંથી ચારની ધરપકડ

ઊંઝા, તા.૫

ઊંઝા નજીક હાઈવે પર રાત્રિના સમયે આઠ જેટલા લુંટારૂંઓની ટોળકીએ છરીની અણીએ છોટા હાથીના ચાલક પાસેથી ૩૫૦૦ રૂપિયાની લૂંટ ચલાવીને નાસી છૂટયા હોવાના ચોંકાવનારા બનાવ સંદર્ભે પોલીસે આ ગુનામાં સંડોવાયેલ શખ્સો પૈકી ચાર જણાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

વિગત એવી છે કે, ગત તા. ૨૬મી મે ના રોજ અમદાવાદ ચાંદલોડીયા ખાતે રહેતા ચેતનગીરી ઉત્તમગીરી ગોસ્વામી પોતાના છોટા હાથી ગાડી નં. જીજે.૧ બીજે૭૦૪૫માં માલ સામાન ભરીને ડીસા ગયા હતા. જયાંથી પરત અમદાવાદ જતાં માર્ગમાં રાત્રિના સમયે ઊંઝા નજીક ઉનાવા તરફ રીલાયન્સ પેટ્રોલ પંપની નજીક ગાડી પાર્ક કરી અંદર સુઈ રહ્યા હતા ત્યારે વહેલી સવારના સાડા ત્રણ વાગ્યાના સુમારે અચાનક સાતથી આઠ જેટલા અજાણ્યા શખ્સોની લૂંટારૂ ટોળકીએ છરીની અણીએ છોટા હાથીના ચાલક ગોસ્વામીના ખીસ્સામાંથી ૩૫૦૦ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. ત્યાર બાદ આ લૂંટારૂઓ મેકસ ગાડી નં. જીજે.૧૮ એબી ૬૭૪ માં બેસીને ક્યાંક નાસી છૂટયા હતા.

આ બનાવ અંગે છોટા હાથીના ચાલકની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ધાડનો ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. દરમિયાન ગુનાના કામે વપરાયેલ ગાડીના નંબરના આધારે પોલીસે મેકસ ગાડીના ચાલક કલાજી ઉર્ફે કનુજી લક્ષ્મણજી ઠાકોર રહે.સુખાપુરા તા. મહેસાણાને રાત્રિના સમયે ઝડપી લઈ તેની સઘન પુછપરછ કરતાં આ ગુનામાં સંડોવાયેલ શખ્સો પૈકી સિંધી મોહંમદભાઈ નાગોદરભાઈ હયાતભાઈ, સિંધી સુલેમાન ઉર્ફે સલીમ જુમ્માભાઈ બંને રહે. ગણવાડા તા. સિધ્ધપુર, સિંધી લાભુ ઉર્ફે રમઝાન અલીભાઈ, સિંધી હનીફ ઉર્ફે ભયલું ઈબ્રાહિમભાઈ બંને રહે. દેલવાડા તા. ખેરાલુને ઝડપી લીધા હતા. પકડાયેલ આ આરોપીઓને પોલીસે નામદાર કોર્ટમાંથી રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

હિંમતનગરમાં ડુપ્લીકેટ સીડીઓના ધમધોકાર વેચાણનો પર્દાફાશ

હિંમતનગર, તા.૫

હિંમતનગર શહેરમાં ડુપ્લીકેટ કોપીરાઈટ એકટની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સામેના ભીલવાસમાં રહેતા પ્રકાશ માવજીભાઈ મીણાની અટકાયત કરી

સીડીઓનું ધૂમ વેચાણ થઈ રહ્યાની બાતમીના આધારે ડીવાય એસ.પી. એ બે પી.એસ.આઈ.ને સાથે રાખી સ્ટેશન રોડ વિસ્તારમાં સપાટો બોલાવી દરોડા પાડયા હતા. જેમાં ૭૧૦૬ જુદી જુદી કંપનીઓની ડુપ્લીકેટ સીડીઓ સહિત કુલ રૂ. ૭.૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ડુપ્લીકેટ સીડીઓનું વેચાણ કરતા એક વેપારીની અટકાયત કરી છે. જયારે અન્ય પાંચ વેપારીઓ છુમંતર થઈ જતા પોલીસે તમામ વેપારીઓ વિરુધ્ધ મળતી માહિતી અનુસાર હિંમતનગરમાં ડુપ્લીકેટ સીડીઓનું વેચાણ થતું હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી ડીવાય એસ.પી. પી.આર. ગહેલોત, પી.એસ.આઈ. જે.એન. પ્રજાપતિ અને બી.વી. રાવલ સહિતની ટીમ સ્ટેશન રોડ વિસ્તાર પર ત્રાટકી હતી અને ડુપ્લીકેટ સીડીઓનું વેચાણ કરનાર વેપારીઓની પાસેથી કુલ ૭૧૦૬ ડુપ્લીકેટ સીડી જપ્ત કરી હતી. ત્યારબાદ પોલીસે ડુપ્લીકેટ સીડી પ્રકરણમાં હિંમતનગરના બસ સ્ટેન્ડ કુલ રૂ. ૭.૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ડુપ્લીકેટ સીડી પ્રકરણમાં શહેરના કુલ છ શખ્સો પ્રકાશ માવજીભાઈ મીણા, અનિલ સરવણભાઈ ભાટ, રાજુ જોઈતાજી ભાટ, સંજય જોઈતાજી ભાટ, આકાશ જોઈતાજી ભાટ અને ભરત મનુજી ભાટ તમામ રહે. હિંમતનગર વિરુધ્ધ કોપીરાઈટ એકટના ભંગ બદલ ગુનો દાખલ કરી ફરાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

લવારી-વજાપુર પંથકના વળાંક પર બાઈક સ્લીપ ખાતાં રાજસ્થાની યુવાનનું કરૂણ મોત

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના લવારી-વજાપુર પંથકના એક વળાંક ઉપર ગફલત ખાઈ જતાં એક બાઈકસવાર બાઈક સાથે જ રોડ પર પટકાઈ પડ્યો હતો. જ્યાં ગંભીર ઈજાઓનો ભોગ બનતાં તે ઘટનાસ્થળે જ કણસતી હાલતમાં મોતને ભેટ્યો હતો. અમદાવાદથી બાઈક હંકારી વતન રાજસ્થાનના તરવડી ગામ તરફ જવા નીકળેલા ૨૫ વર્ષની વયના આ તરવરીયા શ્રમજીવી યુવાનને આમ અણધાર્યો માર્ગમાં જ મોતનો ભેટો થઈ ગયો હતો.

રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારનો રહીશ અને ગુજરાતના ગ્રામ્ય પ્રદેશના રોડ માર્ગ ઉપર મોતને ભેટેલા આ યુવાનના જીવલેણ અકસ્માતની પ્રાપ્ય વિગત એવી છે કે, રાજસ્થાનના સલુમ્બર તાલુકાના તરવડી ગામનો યુવાન અમરત (ઉર્ફે અર્જુન) વેલાજી મેણા અમદાવાદના સરખેજ ખાતે વસવાટ કરીને પેટીયુ રળતો હતો. ગત રોજ આ યુવાન હિરોહોન્ડા બાઈક નં. જીજે-૧એલઈ૭૭૧૬ લઈને મનાય છે કે, ગુજરાત અને રાજસ્થાનના સીમાડાઓ વિંધી વતનની વાટે નીકળ્યો હતો. અર્જુનનું બાઈક હરસોલ ચાર રસ્તા વટાવી વજાપુર પાટીયા પાસેથી પસાર થતું હતું ત્યારે લવારી-વજાપુર માર્ગના વળાંક ઉપર તે સ્લીપ ખાઈ ગયું હતું કોઈક ગફલતને કારણે બાઈક સાથે જ રોડ ઉપર અર્જુન મેણા પણ જોરદાર રીતે પટકાયો હતો. જયાં તે અતિભારે ઈજાઓનો ભોગ બન્યો હતો. તેને કોઈ દાકતરી સારવાર મળે તે પહેલાં જ તે ઘટનાસ્થળે જ કાળનો કોળિયો બની ગયો હતો. આ મોતના ગુનાની તપાસ મનુભાઈ મકવાણા ચલાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ સ્થળે આ રીતે જ પટકાઈને અનેક બાઈક સવારો મોતને ભેટ્યા છે. કાળની એક જ થાપટમાં બાઈકસવારોએ અહિં પળવારમાં જ પ્રાણ ગુમાવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ટેન્ડર નં. નાનિ/કામાવિ/૫/૨૦૧૨

નાયબ નિયંત્રક, કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી, બ્લોક-બી, બીજો માળ, એમ. એસ. બિલ્ડીંગ, પથિકાશ્રમ પાસે, સેક્ટર નં. ૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧ હેઠળ કાર્યરત મોબઈલ વે બ્રિજ ટેસ્ટીંગ કીટ માટે ડ્રાયવરો તથા વૉચમેનોની સેવાઓ આઉટસોર્સથી પુરી પાડવા માટેનું ટેન્ડર તા. ૫-૬-૨૦૧૨થી તા. ૨૬-૬-૨૦૧૨ સુધી કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી રૂ. ૫૦૦/- રોકડા ભર્યેથી કચેરીના કામકાજ દિવસો દરમિયાન મળી શકશે. ટેન્ડર સાથેની શરતો / સુચનાઓ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોઈ શકશે.

નાયબ નિયંત્રક, કા.મા.વિ.,ગ્રા.બા.
અમદાવાદ રીજીયન, ગાંધીનગર

માહિતી/૪૮૪/૧૨-૧૩

ડીસામાં હિટવેવથી ૩૦ વર્ષીય શ્રમજીવીનું કરૂણ મોત

ડીસા, તા. ૫

ગુજરાતભરમાં ગરમીના પ્રકોપથી જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે ત્યારે ૪૦ ડીગ્રી જેટલું તાપમાન ધરાવતા ડીસામાં આજે સવારે દસ વાગ્યાની આસપાસ એક ૩૦ વર્ષીય યુવક ગરમીના પ્રકોપે નીચે પટકાયો હતો જેને સરકારી હોસ્પિટલ લઈ જતા દરમિયાન માર્ગમાં જ તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર ડીસામાં રહેતા ૩૦ વર્ષીય શ્રમજીવી સોહનજી બાબુજી જટીયા મજુરીકામ અર્થે ડીસા ફૂવારા સર્કલ પાસે આવ્યો હતો જેને સવારે ૧૦ કલાકે ગરમીથી મુંઝવણ થતા તે યુવક બે ભાન થઈ જમીન પર પટકાયો હતો. આ દૃશ્ય જોઈ આસપાસના અન્ય શ્રમજીવીઓ તાત્કાલિક તેની પાસે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યૂલન્સની મદદથી ડીસા સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યા ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આમ ગરમીની તીવ્ર અસરે શ્રમજીવીનું મોત થતા તેના પરિવારજનોના માથે આભ ફાટી પડ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં ગરમીની વાત કરીએ તો છેલ્લા એક અઠવાડિયામાં ૪૦ ડિગ્રી સેલ્સીયસથી વધુ ગરમી અહી નોંધાઈ છે. શહેરમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેતા લોકો ગરમીની અસરથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ઠોડીસરાની વીસ વર્ષીય યુવતીએ અગ્નિસ્નાન કરી મોતને વ્હાલું કર્યું

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ઠોડીસરા ગામમાં રહેતી વીસ વર્ષીય પ્રતિભાબેન જગદીશભાઈ નિનામા નામની યુવતીએ ગતરોજ પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર અગ્નિસ્નાન કરી લેતા આસપાસમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. દાઝેલી યુવતીને પ્રથમ સારવાર અર્થે ભીલોડા સિવિલમાં લઈ ગયા હતા. પરંતુ તેની હાલત વધુ ગંભીર જણાતા તેને હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં હોસ્પિટલના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી અને પોલીસને જાણ કરી હતી. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી મોતનું કારણ જાણવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા ટેક્સી સ્ટેન્ડ પાસેથી ચાર જુગારીયા ઝડપાયા

પોલીસે બાતમીના આધારે સ્થળ પર રેઈડ કરી

ગાંધીનગર, તા. ૫

ચિલોડા-ગાંધીનગર માર્ગ પર ટેક્સી સ્ટેન્ડ પર જુગાર રમતા ચાર શખ્સોને ચિલોડા પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચિલોડા-ગાંધીનગર માર્ગપર જીપ સ્ટેન્ડ પાસે જુગાર રમતા હોવાની બાતમી ચિલોડા પોલીસ સ્ટેશનને મળી હતી. જ્યારે બાતમીના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.સી. ઠક્કર તેમજ જમાદાર દેવેન્દ્રસિંહ ઈશ્વરજી સહિતના સ્ટાફના માણસોએ સ્થળ પર રેઈડ કરી હતી. આ દરમિયાન આરોપી દિલીપ નાજીર મીર, ભરત પુજાજી ચૌહાણ, નટવરસિંહ ઉદેસિંહ રાઠોડ તેમજ અમરીશ દશાજી ઠાકોરને પોલીસે તીન પત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે રૂ. ૧૮૭૦ના મુદ્દામાલ સાથે ચારેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. થોડા સમય અગાઉ પણ આ વિસ્તારના ખેતરમાં જુગારની બદીને ડામવા પોલીસે રેઈડ કરી જુગારીઓને ઝડપી લીધા હતા.

અમૂલ ડેરીની જીભાઈપુરા પાસેની સેટેલાઈટ ડેરી ખાતે પર્યાવરણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

પર્યાવરણ દિન નિમિત્તે અમૂલ ડેરીની જીભાઈપુરા પાસેની સેટેલાઈટ ડેરી ખાતે ગતરોજ વૃક્ષારોપણ, રેલી અને પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો.

પર્યાવરણ દિન નિમિત્તે પર્યાવરણ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ૧૨ કિ.મી.ના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી હતી. જેમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરીને પ્લે કાર્ડ પ્રદર્શિત કરી, પત્રિકાઓ વહેંચી હતી. આ પ્રસંગે અમૂલ ડેરીના આશરે દસ લાખથી વધુ પશુપાલક-ખેડૂતોના ઘરેથી દરરોજ દસ કિલો પ્રતિ પશુ લેખે નિકળતા છાણમાંથી ગોબર ગેસ પ્લાન્ટ મારફતે વીજ-ઊર્જા મેળવીને ડેરીની હાલમાં ૬૦ મેગાવોટ પાવરની જરૂરીયાતનું વીજ ઉત્પાદન કરવાના હરિત અર્થતંત્રના ઉમદા સૂચિત પ્રોજેક્ટની માહિતી આપવામાં આવી હતી.

પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમમાં મહેશભાઈ પંડ્યા, નરેશ ઠાકર, નડિયાદ પ્રાદેશિક અધિકારી જી.ડી. પ્રિયદર્શી, અમૂલ ડેરી મેનેજીંગ ડિરેક્ટર રાહુલકુમાર શ્રીવાસ્તવ તેમજ જનરલ મેનેજર હૃદય દેસાઈએ ખાસ હાજરી આપી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ટ્યૂબડી નિવિદા

ઉદ્યોગ કમિશનર કચેરીના ઉપયોગ માટે અંદાજીત ૫૦૦૦ નંગ ફાઈલ કવરો ખરીદવાના હોવાથી આપની પેઢી / સંસ્થાના ભાવો સીલબંધ કવર ફાઈલના નમૂના સાથે પોસ્ટ મારફત તા. ૧૬-૬-૨૦૧૨ સુધીમાં સંયુક્ત ઉદ્યોગ કમિશનર (વહીવટ) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧/૨, પાંચમો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરના સરનામે મોકલવાના રહેશે તથા જે ફાઈલ કવરોની ખરીદી કરવાની છે જેના નમુના અત્રેની કચેરીમાં જોવા મળશે. તે મુજબના ભાવ સેમ્પલ સાથે આપવાના રહેશે.

માહિતી/૪૮૦/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮